| કુલ ગુણ | 200 |
|---|---|

# BIOLOGY
(Gujarati Medium)

| કેટેગરી |
|---|
| A |

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્પાય કેમરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (5) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (7) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (8) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (9) | આ કસોટી પત્રમાં કુલ -200 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘૂંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (10) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. પ્રત્યેક ખોટા ઉત્તર માટે 0.25 ગુણ કપાશે (નેગેટીવ 0.25) જો ઉમેદવાર કોઇ પ્રશ્નનો ઉત્તર આપવા માંગતા ન હોય તો વિકલ્પ E પસંદ કરવાનો રહેશે. વિકલ્પ E માટે નેગેટીવ ગુણ રહેશે નહી. |
| (11) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટે 0.25 નેગેટીવ ગુણ મળશે. |
| (12) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (13) | આ પરીક્ષાનો સમય 180 મિનિટનો છે. |
| (14) | સૌથી યોગ્ય વિકલ્પ જવાબ તરીકે ધ્યાને લેવાશે . |

રફ કામ માટેનું પેઈજ

(1) 'સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓના રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની જોગવાઈ ભારતના સંવિધાનની કઈ કલમમાં દર્શાવવામાં આવી છે ?'
(A) 51. ક (ક) (B) 51. ક (છ) (C) 51. ક (ડ) (D) 51. ક (ગ)

(2) ભારતીય સંવિધાનના ભાગ-4માં 'રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' ની જોગવાઈ કઈ કલમથી ક્યાં સુધીની કલમમાં કરવામાં આવેલ છે ?
(A) 36 થી 45 (B) 35 થી 48 (C) 34 થી 50 (D) 36 થી 51

(3) દરિયાના જળનું ઘનત્વ (Density) વધતું જાય છે, તેમ તેમ......
(A) ઉંડાણ અને ખારાશ ઘટે છે. (B) ઉંડાણ વધે છે અને ખારાશ ઘટે છે.
(C) ઉંડાણ ઘટે છે અને ખારાશ વધે છે. (D) ઉંડાણ અને ખારાશ વધે છે.

(4) ભારતની પ્રાચીનતમ ફુટબૉલ ટૂર્નામેન્ટ કઈ છે ?
(A) સંતોષ ટ્રાફી (B) ડૂરંડ કપ
(C) રોવર્સ કપ (D) આઈ. એફ. એ. શીલ્ડ

(5) હડપ્પા સંસ્કૃતિના પ્રમુખ સ્થળ 'લોથલ'ની શોધ કોણે કરી હતી ?
(A) વી.ડી. શર્મા (B) યજ્ઞદત્ત શર્મા
(C) એસ. આર. રાવ (D) પ્રૉ. સુરજભાન

(6) વધારે મેહસુલ પ્રાપ્તિ માટે કરવેરા ઉઘરાવવાના સંદર્ભમાં વિકાસના હેતુથી કયા કાળને પ્રમુખ માનવામાં આવે છે ?
(A) મોર્યકાળ (B) ઉત્તર વૈદિકકાળ
(C) ગુપ્તકાળ (D) છઠ્ઠી શતાબ્દિ ઈસ્વી. પૂર્વ

(7) પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ માટે લંબાવેલી મુદ્દત, શાળાના શૈક્ષણિક વર્ષ શરૂ થયાથી કેટલા મહિના સુધીની રહેશે ?
(A) 5 મહિના (B) 3 મહિના (C) 9 મહિના (D) 6 મહિના

(8) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 માં સામાજિક અને આર્થિક રીતે પછાત વિસ્તારો માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકનો રેશિયો કેટલો નિર્ધારિત કરેલ છે ?
(A) 30:1 (B) 35:1 (C) 25:1 (D) 20:1

(9) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં નેશનલ ક્યુરીક્યુલમ ફ્રેમવર્કને કેટલા વર્ષમાં રીવાઇઝડ અને અદ્યતન રાખવાની ભલામણ કરવામાં આવેલ છે ?
(A) પાંચ વર્ષ (B) ત્રણ વર્ષ (C) આઠ વર્ષ (D) પ્રતિવર્ષ

(10) 'જ્યાં સુધી માતૃભાષા (ગુજરાતી)ને હું ઉચ્ચ સ્થાન પર નહીં મૂકું ત્યાં સુધી હું પાઘડી નહીં બાંધુ' એવું કોણે કહ્યું હતું ?
(A) કવિ પ્રેમાનંદ (B) કવિ નર્મદ (C) કવિ કલાપી (D) કવિ સુન્દરમ્

(11) 'વિશ્વ વસતી દિન' ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 11 ઑગસ્ટ (B) 11 ઓક્ટોબર (C) 11 જૂન (D) 11 જુલાઈ

(12) આગામી ઑલીમ્પીક કઈ જગ્યાએ યોજાનાર છે ?
(A) જાપાન (ટોક્યો) (B) ચીન (શાંઘાઈ)
(C) ફ્રાન્સ (પેરીસ) (D) ઈંગ્લેન્ડ (લંડન)

(13) નવી ખાનગી માધ્યમિક શાળાની મંજૂરી કોણ આપે છે ?

(A) જિલ્લાશિક્ષણાધિકારી
(B) નિયામક, શાળાઓની કચેરી
(C) શિક્ષણ સચિવ - શિક્ષણ વિભાગ
(D) ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બૉર્ડ

(14) 'મારે ટોડલે બેઠો રે મોર' ગીતને કોણે ચિરસ્મરણીય કર્યું ?

(A) દમયંતી બરડાઈ
(B) મીનાબેન પટેલ
(C) દિવાળીબેન ભીલ
(D) ગીતાબેન રબારી

(15) ભારતનું કયું નગર 'સિલિકોન વેલી' તરીકે જાણીતું બન્યું છે ?

(A) દિલ્લી
(B) મુંબઈ
(C) કલકત્તા
(D) બેંગલુરૂ

(16) હાલમાં ગુજરાતમાં વર્લ્ડ બૅંકના વડા તેમજ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરીએ નીચે પૈકી કઈ શૈક્ષણિક સંસ્થાની મુલાકાત લીધી હતી ?

(A) જી.સી.ઈ.આર.ટી.
(B) વિદ્યા સમીક્ષા કેન્દ્ર
(C) ગુજરાત યુનિવર્સિટી
(D) આયુર્વેદ યુનિવર્સિટી

(17) દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ કેવી રીતે થઈ શકે ?

(A) કૉલેજ ગ્રંથાલયમાં છપાયેલી અધ્યયન સામગ્રી દ્વારા
(B) જ્યાં રહેતા હોય ત્યાં માધ્યમો દ્વારા તથા છપાયેલી અધ્યયન સામગ્રી દ્વારા
(C) કૉલેજમાં અધ્યયનની વિવિધ પદ્ધતિઓ દ્વારા
(D) કૉલેજમાં હાજરી આપ્યા સિવાય સ્વપ્રયત્નો દ્વારા

(18) 'શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન' પુસ્તકના લેખક કોણ છે ?

(A) પ્રૉ. યશપાલ
(B) ડૉ. ગુણવંત શાહ
(C) પ્રૉ. મર્મર મુખોપાધ્યાય
(D) ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની

(19) કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી 'વિદ્યાંજલિ' યોજના શાના માટે છે ?

(A) વાંચન વિકસાવવા માટેની યોજના
(B) શાળા પુસ્તકાલય સમૃદ્ધ બનાવવા પુસ્તક દાન માટેની યોજના
(C) શાળાની વિવિધ શૈક્ષણિક પ્રક્રિયામાં રસ ધરાવતાં સમાજના વ્યક્તિઓ માટે શિક્ષણ દાન માટેની યોજના
(D) નબળા બાળકોને દત્તક લઈ સઘન શિક્ષણ આપવાની યોજના

(20) 21 મી સદીના પડકારોને પહોંચી વળવા માટે ડેલોર્સ રિપોર્ટ Learning The Treasure within માં શિક્ષણના કયા બે સ્તંભનો ઉલ્લેખ કર્યો છે ?

(i) ટકાઉ વિકાસ પ્રાપ્ત કરતાં શીખવું.
(ii) શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ સિદ્ધ કરતાં શીખવું.
(iii) શીખતાં શીખવું
(iv) સહજીવન શીખવું

(A) i, ii
(B) i, iii
(C) iii, iv
(D) ii, iii

(21) કયું લક્ષણ અવૈધિક શિક્ષણનું છે ?

(A) પરીક્ષા અને સર્ટિફિકેટનું મહત્ત્વ
(B) શીખવનારની ઉચ્ચ લાયકાત
(C) બાળકમાં જીવન-કૌશલ્યોનો વિકાસ કરવાનો ઉદ્દેશ
(D) સાક્ષરતા કરતાં આજીવિકાલક્ષી શિક્ષણ પર ભાર

(22) વર્ગ-શિક્ષણ દરમિયાન આદર્શવાદી શિક્ષક નીચેના પૈકી કઈ પદ્ધતિનો ઉપયોગ નહીં કરે ?
(A) આગમન (B) ચર્ચા-સંવાદ (C) પ્રશ્નોત્તરી (D) પ્રવચન

(23) ગાંધીજીએ આપેલી શિક્ષણની વ્યાખ્યામાં શિક્ષણનું કયું ધ્યેય પ્રગટ થાય છે ?
(A) વ્યક્તિલક્ષી (B) સામાજિક (C) વિશિષ્ટ (D) આધ્યાત્મિક

(24) ''બાળક એ કંઈ પ્રૌઢની લઘુ આવૃત્તિ નથી.'' - આ ગૃહીત/ધારણા કોણે રજૂ કરી ?
(A) ડ્યૂઈ (B) રૂસો (C) પ્લેટો (D) સોક્રેટીસ

(25) શિક્ષણના ત્રણ 'વાદ' અને તેમાં સ્વીકૃત થયેલા વિદ્યાર્થીના સ્વરૂપ અંગેના ખ્યાલોને યોગ્ય રીતે જોડો :

| | | | |
|---|---|---|---|
| 1. | આદર્શવાદ | अ. | સામાજિક સ્વરૂપ |
| 2. | પ્રકૃતિવાદ | ब. | આત્મિક સ્વરૂપ |
| 3. | વ્યવહારવાદ | क. | શારીરિક સ્વરૂપ |

સાચો વિકલ્પ પસંદ કરો.
(A) 1–ब, 2–अ, 3–क, (B) 1–अ, 2–क, 3–ब,
(C) 1–क, 2–ब, 3–अ, (D) 2–ब, 2–क, 3–अ,

(26) ''વાસ્તવના સ્વરૂપનું તાર્કિક અન્વેષણ એ તત્ત્વજ્ઞાન છે.'' - આ વ્યાખ્યા કોણે આપી છે ?
(A) ડૉ. રાધાકૃષ્ણન્ (B) મહર્ષિ અરવિંદ
(C) રવિન્દ્રનાથ ટાગોર (D) જે. કૃષ્ણમૂર્તિ

(27) નીચેનામાંથી કઈ પ્રક્રિયા - સાચી રીતે આગળ વધે છે ?
(A) તત્ત્વજ્ઞાન - શિક્ષણ ઉદ્દેશો - પાઠ્યક્રમ - અભ્યાસક્રમ
(B) તત્ત્વજ્ઞાન - શિક્ષણ ઉદ્દેશો - અભ્યાસક્રમ - પાઠ્યક્રમ
(C) શિક્ષણ ઉદ્દેશો - તત્ત્વજ્ઞાન - અભ્યાસક્રમ - પાઠ્યક્રમ
(D) પાઠ્યક્રમ - અભ્યાસક્રમ - તત્ત્વજ્ઞાન - શિક્ષણ ઉદ્દેશો

(28) ''વિદ્યાર્થીમાં રહેલા સદ્અંશો, સદ્વૃત્તિઓ અને સુરુચિઓ જાગૃત કરવાનું, વિકસાવવાનું અને યોગ્ય માર્ગે વાળવાનું કામ કેળવણીનું છે ?'' - આ વિચાર કોણે આપ્યો ?
(A) વિનોબાજી (B) નાનાભાઈ ભટ્ટ
(C) ગાંધીજી (D) શ્રી અરવિંદ

(29) શિક્ષણની કઈ વિચારધારામાં વસ્તુ કરતાં વિચારને વધુ મહત્ત્વ આપવામાં આવે છે ?
(A) પ્રકૃતિવાદ (B) આદર્શવાદ
(C) વ્યવહારવાદ (D) અસ્તિત્વવાદ

(30) વ્યવહારવાદ અનુસાર શિક્ષણ આપવાના હેતુઓ સંદર્ભે કયો હેતુ યોગ્ય નથી ?
(A) બાળક અનુભવ મળતા જ નવા પ્રકારના જ્ઞાનનું સર્જન કરે છે.
(B) બાળકમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ કરવો જોઈએ.
(C) બાળકનો આધ્યાત્મિક વિકાસ કરવો જોઈએ.
(D) બાળકને સમસ્યા ઉકેલ રીતથી વાકેફ કરવો જોઈએ.

(31) સમગ્ર જીવનની અગીયાર અવસ્થાઓ પૈકી નીચે આપેલી અવસ્થાઓને ક્રમાનુસાર ગોઠવો.

(A) બાલ્યાવસ્થા

(B) વૃદ્ધાવસ્થા

(C) પ્રારંભિક પુખ્તાવસ્થા

(D) મધ્યવય

(E) પ્રારંભિક બાલ્યાવસ્થા

(A) E, A, B, C, D (B) A, E, C, D, B (C) A, E, D, C, B (D) A, E, B, C, D

(32) અધ્યાપન મનોવિજ્ઞાન .......

(A) વાતાવરણની દેન છે.

(B) વારસો અને વાતાવરણની વચ્ચેની આંતરક્રિયાનું પરિણામ છે.

(C) વારસાનું અસરનું પરિણામ છે.

(D) જે મનોવિજ્ઞાનના સિદ્ધાંતોના ઉપયોગ દ્વારા અધ્યયનની પ્રક્રિયાની સુધારણા માટે સિદ્ધાંતો અને નિયમો આપે છે.

(33) અહં - આદર્શની રચના એ કઈ અવસ્થા દરમિયાન વ્યક્તિત્વ વિકાસનું લક્ષણ છે ?

(A) તુરુણાવસ્થા (B) પ્રારંભિક બાલ્યાવસ્થા (C) ઉત્તર - બાલ્યાવસ્થા (D) વૃદ્ધાવસ્થા

(34) સિદ્ધાંતો અને તેના જનકનાં સાચાં જોડકાં બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | બહુ અવયવ સિદ્ધાંત | a) | ગોલમેન |
| 2) | સાંવેગિક બુદ્ધિ સિદ્ધાંત | b) | સ્ટેર્નબર્ગ |
| 3) | બહુવિધબુદ્ધિ સિદ્ધાંત | c) | થર્સ્ટન |
| 4) | ત્રિ-સ્વરૂપિય બુદ્ધિસિદ્ધાંત | d) | ગાર્ડનર |

(A) 1) c, 2) a, 3) d, 4) b (B) 1) a, 2) c, 3) b, 4) d

(C) 1) d, 2) c, 3) b, 4) a (D) 1) a, 2) b, 3) d, 4) c

(35) શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન ધરાવતા શિક્ષક...

1) વિદ્યાર્થીની કક્ષાને અનુરૂપ અધ્યાપનની તૈયારી કરે છે.

2) યોગ્ય ઝડપે આગળ વધે છે.

3) શિક્ષક દ્વારા રજૂ થતું વિષયવસ્તુ વિદ્યાર્થીની ક્ષમતાને અનુરૂપ હોય છે.

(A) (1) અને (2) સાચાં છે. (B) (2) અને (3) સાચાં છે.

(C) (1), (2) અને (3) સાચાં છે. (D) (1) અને (3) સાચાં છે.

(36) અધ્યયનના નિયમો (Laws of Learning) સંદર્ભે નીચે પૈકી કયો નિયમ લાગુ પડતો નથી ?

(A) અસરનો નિયમ (B) પુનરાવર્તનનો નિયમ (C) ભૂલનો નિયમ (D) તત્પરતાનો નિયમ

(37) કઈ અધ્યયન પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ 'કઈ રીતે શીખવું' તે શીખે છે ?

(A) પ્રયત્ન અને ભૂલ (B) કારક અભિસંધાન

(C) ઈરણ ઘટાડાનો સિદ્ધાંત (D) અન્વેષણાત્મક અધ્યયન

(38) 'પોતાના દોષો બીજામાં જોવાનો પ્રયત્ન કરવો.' - આ કયા પ્રકારની બચાવ પ્રયુક્તિ છે ?

(A) પ્રક્ષેપણ (B) દમન (C) સ્થગિતતા (D) પ્રાયશ્ચિત

(39) એરિક એરિકશનના મતે વ્યક્તિત્વ પર અસર કરતાં પરિબળો પૈકી નીચેનામાંથી કયું લાગું પડતું નથી ?

(A) અહમ્ (B) સામાજિકતા (C) સંસ્કૃતિ (D) આનુવંશિકતા

(40) નીચેના પૈકી કઈ બાબત શાસ્ત્રીય અભિસંધાન માટે લાગુ પડતી નથી ?

(A) પાવલોવે કૂતરા પર પ્રયોગો કરી આ અભિસંધાનનો સિદ્ધાંત આપ્યો.

(B) આ અભિસંધાનમાં ઉદ્દીપક હોવો જરૂરી છે.

(C) આ અનુસંધાન R પ્રકારનું અભિસંધાન પણ કહેવાય છે.

(D) મુખ્ય ઉદ્દીપક સાથે ગૌણ ઉદ્દીપક મૂકવામાં આવે છે.

(41) વ્યક્તિને કોઈ વસ્તુ, અન્ય વ્યક્તિ કે પ્રવૃત્તિ પર ધ્યાન આપવા માટે પ્રેરિત કરતી શક્તિ એટલે શું ?

(A) પ્રેરણા (B) બુદ્ધિ

(C) રસ (અભિરુચિ) (D) અભિયોગ્યતા

(42) અધ્યયન પ્રક્રિયાની સમજ પ્રયોગો દ્વારા આપનારમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) પાવલોવ (B) સ્કીનર (C) સ્ટ્રોંગ (D) થોર્નડાઇક

(43) ગણિતમાં નિષ્ફળ જનાર વ્યક્તિ જ્યારે ચિત્રકામમાં પ્રાવીણ્ય મેળવીને સિદ્ધિ હાંસલ કરે તો તેને કઈ બચાવપ્રયુક્તિ કહેવાય ?

(A) યૌક્તિકીકરણ (B) પ્રક્ષેપણ

(C) ઊર્ધ્વીકરણ (D) ક્ષતિપૂર્તિ

(44) મેદ પ્રધાન અને સ્નાયુ પ્રધાન એવા વ્યક્તિત્વના પ્રકારો કયા મનોવૈજ્ઞાનિકે રજૂ કર્યા છે ?

(A) શેલ્ડન (B) ટર્મેન (C) યુંગ (D) ક્રેશમર

(45) 1927માં પાંચ વિભાગમાં તૈયાર થયેલ રસસંશોધનિકાના રચયિતા મનોવૈજ્ઞાનિક કોણ હતા ?

(A) કુડર (B) થર્સ્ટન (C) સ્ટ્રોંગ (D) ગીલફર્ડ

(46) ગુજરાતમાં 1960 માં યાંત્રિક અભિયોગ્યતા કસોટી કોણે પ્રમાણિત કરી હતી ?

(A) ડૉ. કે.જી. દેસાઈ (B) ડૉ. જે. સી. પરીખ

(C) પ્રૉ. ટી. પી. લેલે (D) ડૉ. આર. બી. નાયક

(47) બેન્જમિન બ્લૂમે રજૂ કરેલ મૂલ્યાંકન ત્રિકોણમાં કઈ બાબત સમાવિષ્ટ નથી ?

(A) સાહિત્ય નિર્માણ (B) અધ્યાપન અનુભવો

(C) શિક્ષણના હેતુઓ (D) મૂલ્યાંકન

(48) નીચેના પૈકી કયું ક્રિયાત્મક કસોટીનું લક્ષણ છે ?

(A) બોલ્યા વગર જવાબ આપી શકાય નહિ.

(B) મૂલ્યાંકન સામૂહિક રીતે હાથ ધરી શકાય.

(C) જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્યોનું માપન થઈ શકે છે.

(D) અનૌપચારિક રીતે હાથ ધરાય છે.

(49) $Z = 3M - \overline{X}$ આ સૂત્ર દ્વારા શું શોધી શકાય છે ?

(A) મધ્યક (B) વિચલન (C) મધ્યસ્થ (D) બહુલક

(50) આંકડાશાસ્ત્રની દૃષ્ટિએ નીચેમાંથી કઈ માહિતી એ પ્રાથમિક માહિતી નથી.

(A) સંશોધક દ્વારા સૌ પ્રથમ વખત અસલ સ્વરૂપે એકઠી કરાયેલ હોય તેવી માહિતી.

(B) નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન દ્વારા એકત્રિત કરાયેલ હોય તેવી ભારતની વસ્તી ગણતરીની માહિતી.

(C) ભારતના રજિસ્ટ્રાર ઓફિસ, ન્યુ દિલ્લી દ્વારા મૃત્યુદર અને જન્મદરને લગતી પ્રકાશિત માહિતી.

(D) ભારતની વસ્તી ગણતરીની માહતી જે U.N. Statistical Abstract માં પ્રકાશિત કરવામાં આવેલ હોય.

(51) એક વર્ગખંડમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ થતી જોવા મળે છે.

1. શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ સાતત્યપૂર્ણ રીતે વિવિધ ઊદાહરણો રજૂ કરે છે.

2. શિક્ષક વિદ્યાર્થીઓને પોતાના દ્વારા રજૂ થયેલ ઊદાહરણો પરથી સામાન્ય સિદ્ધાંત તારવવાનું કહે છે.

ઉપરોક્ત બે પ્રવૃત્તિઓને જોતા આપને શિક્ષણના કયા અભિગમનો ઉપયોગ થયેલ જોવા મળે છે.

(A) આગમન અભિગમ (B) નિગમન અભિગમ

(C) સમસ્યા ઊકેલ અભિગમ (D) પૂછપરછ અભિગમ

(52) શિક્ષણમાં વિવિધ અભ્યાસક્રમો ટૅક્નોલૉજીના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોચાડવામાં ઉપયોગમાં આવતું પ્લેટફોર્મ DIKSHA એટલે …

(A) Digital Infrastructure for Knowledge Sharing (B) Digital Initiative for Knowledge Sharing

(C) Digital Interactive for Knowledge Sharing (D) Digital Interface for Knowledge Sharing

(53) ધોરણ - 11 અને ધોરણ - 12 ના NCERT આધારિત અભ્યાસક્રમ માટે SWAYAM MOOCS ના જુદાં જુદાં ઓનલાઈન કોર્સનું નિર્માણ થયેલ છે. MOOC ને નીચેનામાંથી કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) Module open online courses (B) Massive open online courses

(C) Mathematics open online courses (D) Management open online courses

(54) બ્લુમ ટેક્સોનોમીના મુખ્ય ત્રણ સૂત્રોમાં નીચેનામાંથી કયા મુખ્યક્ષેત્રનો સમાવેશ થતો નથી ?

(A) જ્ઞાનાત્મક (Cognitive) (B) ભાવાત્મક (Affective)

(C) ક્રિયાત્મક (Psychomotor) (D) અનુભવાત્મક (Experiential)

(55) રચનાત્મક મૂલ્યાંકનના સંદર્ભમાં નીચેનામાંથી શું સાચું નથી.

(A) રચનાત્મક મૂલ્યાંકન એ વર્ગખંડ શિક્ષણનો એકભાગ છે.

(B) રચનાત્મક મૂલ્યાંકન શિખવાની પ્રક્રિયા પર ભાર મૂકે છે.

(C) રચનાત્મક મૂલ્યાંકન માટે અવલોકન, પ્રશ્નોતરી, વર્કસીટ, પ્રૉજેક્ટ જેવી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

(D) રચનાત્મક મૂલ્યાંકન નિર્ધારિત પાઠ્યક્રમને ઉપયોગ કરીને ઔપચારિક રીતે કરવામાં આવે છે.


(56) પાંચ લાકડી A, B, C, D અને S છે. A, B થી નાની પણ S થી લાંબી છે. C તેમાં સૌથી લાંબી છે. D, B થી થોડી નાની અને A થી થોડી મોટી છે. લાકડીને લંબાઈના ઉતરતા ક્રમમાં ગોઠવતાં ચોથા ક્રમે કઈ લાકડી આવશે ?

(A) A (B) B (C) S (D) D

(57) P, Q, R, S, T, V, W અને Z કેન્દ્ર તરફ મોં રાખીને ગોળાકાર ટેબલની આજુબાજુ બેઠા છે. દરેક ઉપરના ક્રમમાં બેઠા નથી. S, P ની જમણે ત્રીજા સ્થાને છે. P, V ની જમણે બીજા સ્થાને છે. R, V ની ડાબી બાજુ બીજા સ્થાને અને Q ની જમણે ત્રીજા સ્થાને છે. W, V ની સામે બેઠો છે. Z, T ની જમણે બીજા સ્થાને છે. તો T ની ડાબે પ્રથમ સ્થાને કોણ બેઠું છે ?

(A) V (B) R (C) P (D) Q

(58) નીચેની આકૃતિમાં પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ શું આવે ?




(A) 12 (B) 10 (C) 14 (D) 16

(59) વ્યક્તિ A પૂર્વ દિશામાં 6 મીટર ચાલે છે ત્યાંથી ઉત્તર દિશામાં 8 મીટર ચાલે છે. ત્યાંથી નૈઋત્ય દિશામાં 12 મીટર ચાલે છે તો વ્યક્તિ મૂળબિંદુથી કેટલો દૂર હશે ?

(A) 10 મીટર (B) 2 મીટર (C) 26 મીટર (D) 4 મીટર

(60) શ્રેણી પૂર્ણ કરો.

4, 8, 9, 27, 16, 64, 25 .....?.....

(A) 101 (B) 98 (C) 100 (D) 125

(61) આપેલ શબ્દોને અંગ્રેજી મૂળાક્ષરોનાં ક્રમ પ્રમાણે ગોઠવો.

(1) TEACHER
(2) TRAINEE
(3) TUTION
(4) TUTORIAL
(5) TRAILER

(A) 1, 2, 5, 3, 4 (B) 1, 5, 2, 4, 3 (C) 1, 5, 2, 3, 4 (D) 1, 2, 5, 4, 3

(62) નીચે આપેલ શ્રેણી પૂર્ણ કરો.


1, 2, 10, 37, .....?.....

(A) 61 (B) 47 (C) 64 (D) 101

(63) આજે સોમવાર છે. 62 દિવસ પછી કયો વાર આવશે ?

(A) શનિવાર (B) રવિવાર (C) મંગળવાર (D) બુધવાર

(64) આકૃતિમાં કેટલા ત્રિકોણ છે ?



(A) 21 (B) 24 (C) 27 (D) 28

(65) એક વ્યક્તિ પૂર્વ દિશા તરફ મોં રાખીને ઊભો છે. તે $90^0$ ના ખૂણે ઘડિયાળના કાંટાની વિરૂદ્ધ દિશામાં ફરે છે. ફરી પાછો ઘડિયાળા કાંટાની દિશામાં $45^0$ ફરે છે. ત્યાંથી પાછો ઘડિયાળનાં કાંટાની દિશામાં $180^0$ ફરે છે. ત્યાર બાદ ઘડિયાળનાં કાંટાની વિરુદ્ધ દિશામાં $270^0$ ફરે છે. તો હવે તે કઈ દિશામાં મોં રાખીને ઊભો હશે ?

(A) ઉત્તર - પશ્ચિમ (B) પશ્ચિમ - દક્ષિણ
(C) દક્ષિણ - પૂર્વ (D) ઉત્તર - પૂર્વ

(66) ફૂલ : પાંદડી
નીચેના પૈકી યોગ્ય જૂથ શોધો જે ઉપરના જૂથને રજૂ કરે.

(A) બોલ : બૅટ (B) ટાયર : સાઇકલ
(C) પેન્સીલ : નોટ (D) આખડિયો : વેલણ

(67) રાજેશ ખૂબ મોટા મૉલમાંથી કેટલીક વસ્તુ ખરીદીને તેનું પેમેન્ટ પોતાના ડેબીડ કાર્ડથી કરે છે. મૉલની સામે આવેલ મેટ્રો સ્ટેશનથી તે મેટ્રો ટ્રેન પકડી પોતાના ઘરે પહોચે છે તો રાજેશ કયાં રહેતો હશે ?

(A) સુરત (B) પુરી
(C) હૈદરાબાદ (D) જોધપુર





(68) (i) છેલ્લાં બે વર્ષથી જિલ્લાનો સાક્ષરતા દર વધે છે.
(ii) જિલ્લા પ્રસાસને છેલ્લાં કેટલાક સમયથી સાક્ષરતા ઝુંબેશ સાથે સંકળાયેલ વ્યક્તિઓની સઘન તાલીમ કરેલ છે અને તેમના કાર્યનું નિરીક્ષણ કરવામાં આવે છે.

(A) વિધાન (i) એ કારણ છે અને વિધાન (ii) એ અસર છે.
(B) વિધાન (i) અને વિધાન (ii) એ બન્ને સ્વતંત્ર અસર છે.
(C) વિધાન (ii) કારણ છે અને વિધાન (i) એ અસર છે.
(D) વિધાન (i) અને (ii) બન્ને કારણ છે.

(69) મહેશનું મોઢું પૂર્વદિશામાં છે તે હવે $180^0$ ક્લૉક વાઇઝ ફરે છે ત્યાર બાદ $90^0$ એન્ટી ક્લૉક વાઇઝ ફરે છે. તો હવે તેનું મોઢું કઈ દિશામાં હશે ?

(A) પૂર્વ (B) દક્ષિણ
(C) ઉત્તર (D) પશ્ચિમ

(70) નીચે પૈકી કયો વેન ડાયાગ્રામ વિશ્વ, એશિયા, ભારત અને ગુજરાતને દર્શાવે છે.

(A) 
(B) 
(C) 
(D) 

(71) 'પરિરંભ' શબ્દનો સમાનાર્થી શબ્દ શું થાય ?
(A) તેજ (B) બનાવટ (C) આલિંગન (D) લુચ્ચું

(72) શુદ્ધ શબ્દ કયો છે ?
(A) મબલખ (B) શૃંગાર (C) ઔદ્યોગીકરણ (D) પ્રિયવંદા

(73) 'એ પરીક્ષા : નિમિષ નહિ ચક્ષ, વિરજ વસ્ત્ર, ઊભા અંતરિક્ષ' - પંક્તિમાં રેખાંકિત કરેલ શબ્દ 'વિરજ'નો અર્થ શું થાય છે ?
(A) મુલાયમ (B) રેશમી (C) રંગીન (D) સ્વચ્છ

(74) આપેલાં વાક્યોમાં 'વિધ્યર્થ વાક્ય' કયું છે ?
(A) ભગવાન ભજ્યા હોત તો ખોટું કાર્ય ન કરત.
(B) આટલું મારું માનશો તો સો વર્ષ જીવશો.
(C) પહેરજે, શર્ટ ફાડી નાખતો નહીં.
(D) ભાઈ, કર્યાં ભોગવવાં છે !

(75) શબ્દ અને તેના અનેકાર્થી શબ્દોની ખોટી જોડ હોય તેવો વિકલ્પ કયો છે ?
(A) મકરંદ - ભમરો, કોકિલ
(B) કોઠી - મન, અંતઃકરણ
(C) અર્ક - કિરણ, આકડો
(D) પટ - ઢાંકણ, ગડી

(76) 'પગ મૂકી શકાય નહીં એવું' ? - શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો છે ?
(A) અગોચર (B) અચિંત્ય (C) અચર (D) અછડતું

(77) પદક્રમ યોગ્ય રીતે સચવાયો હોય તેવું વાક્ય કયું છે ?
(A) ગામમાં એક અનાજ વેચતો ફેરિયો દેખાયો.
(B) મેં આજે ચામડાની, એક, નાનકડી બેગ ખરીદી
(C) વ્યાયામવીરો રોજ સવારે ઝડપથી મેદાનમાં દોડતા હોય છે.
(D) રોજ સવારે માળી બગીચામાં ઝાડને પાણી પાય છે.

(78) નીચે આપેલાં વાક્યોમાં 'અધિકરણ વિભક્તિ'નો પ્રયોગ થયો હોય તેવું વાક્ય કયું છે ?
(A) તે કાલે રાત્રે ગયો.
(B) કૂતરી તેનાં ગલુડિયાં સાથે આવી.
(C) ભાવનગરથી અંબાજી ઘણું દૂર છે.
(D) સમીરે તેને ગુલાબ આપ્યું.

(79) શબ્દાર્થની ખોટી જોડ હોય તેવો કયો વિકલ્પ છે ?
(A) રબીશ - અર્થહીન
(B) હિચકારું - હીન કોટિનું
(C) અજંપો - કુઠાર
(D) આશ્લેષ - ભેટવું

(80) ભાષાકીય રીતે શુદ્ધ વાક્ય કયું છે ?
(A) ગોપાલભાઈ સજ્જન વ્યક્તિ છે.
(B) વિદ્યાર્થીનું એક માત્ર લક્ષ હોય છે - ઉત્તમ અભ્યાસ.
(C) આ ટીશર્ટની શી કિંમત છે ?
(D) ઑફિસમાં સફાઈકામ કરતા કર્મચારીઓ એકઠા થવાના છે.

(81) 'મંદિરની આગળ એક નાનકડો બગીચો છે.' - વાક્યમાં વપરાયેલ નામયોગી ઓળખો.
(A) મંદિર (B) ની (C) આગળ (D) બગીચો

(82) 'તુંબડીમાં કાંકરા હોવા' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(A) કશી જ સમજ ન પડવી
(B) નુકશાનમાં વધુ નુકસાન
(C) ભેદભાવ હોવો
(D) વજૂદ વિનાનું હોવું

(83) સંધિની કઈ જોડ ખોટી છે ?

(A) કલા + ઊર્મિ = કલોર્મિ
(B) નવ + ઓઢા = નવોઢા
(C) અનુ + એષણા = અન્વેષણા
(D) વાક્ + આડંબર = વાગાડંબર

(84) વિરામચિહ્નોનો ઉચિત પ્રયોગ ન થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) એણે કહ્યું : હું ત્યાં ક્યારેય આવીશ નહીં.
(B) મા'રાજ, આ માટે શું જોઈશે ?
(C) બધાં જ તત્ત્વજ્ઞાન (?) સમજી શકતા હશે ?
(D) "બોલે એનાં બોર વેચાય"

(85) ખોટી જોડણી કયા શબ્દની છે ?

(A) કમિશનર
(B) ઉતુંગ
(C) કમિટી
(D) નૈર્ઋત્ય

(86) Find the different word from following words.

(A) retrieve
(B) rescue
(C) salvage
(D) evade

(87) Neither you nor your friend was sick .................. ?

(Put a suitable question tag choosing from the given options below.)

(A) Wasn't he ?
(B) Was he ?
(C) Weren't they ?
(D) Were they ?

(88) If Mr. Shah had saved money earlier, he ................. a new car.

(A) bought
(B) have had bought
(C) will have bought
(D) would have bought

(89) Shruti said to Neha, "You are my best friend now." - find correct indirect speech.

(A) Shruti told Neha the she was her best friend then.
(B) Shruti told Neha that she was her best friend now.
(C) Shruti told Neha that she was her best friend then.
(D) Shruti said Neha that she is her best friend then.

(90) The lightning has a tongue of flame. Identify the figure of speech used in the sentence.

(A) Irony
(B) Personification
(C) Metaphor
(D) Simile

(91) Dr. Harris welcomed the members of the committee and went on .............. the subject of the meeting. Put Proper verb form.

(A) introduced
(B) introducing
(C) introduces
(D) to introduce

(92) Find out similar word for : Assault

(A) Defence (B) Beating (C) Shooting (D) Attack

(93) Select the correct sentence.

(A) Unless you worked hard, you will fail.

(B) Unless you don't work hard, you will fail.

(C) Unless you work hard, you will fail.

(D) Unless you will work hard, you will fail.

(94) Intelligent .................... he is, he could not pass that exam.

(A) though (B) however (C) yet (D) as

(95) Parth filled ten litres of petrol to go to Ahmedabad. Select the most appropriate option to get the underlined word as answer.

(A) How much petrol Parth filled to go to Ahmedabad ?

(B) How much petrol did Parth filled to go to Ahmedabad ?

(C) How much petrol did Parth fill to go to Ahmedabad ?

(D) How much petrol Parth fill to go to Ahmedabad ?

(96) Let her kill the mouse. Select the correct passive sentence.

(A) The mouse was killed by her.

(B) Let the mouse be killed by her.

(C) Let the mouse is killed by her.

(D) Let her kill the mouse.

(97) No sooner did I reach the college ........................ .

(Select correct option to complete the sentence)

(A) when it started to rain. (B) and it started to rain.

(C) than it started to rain. (D) after it started to rain.

(98) Neither of your friend will come. Identify the Pronoun.

(A) Distributive (B) Demonstrative

(C) Indefinite (D) Reciprocal

(99) Many times he helps those ........................ he doesn't know.

(A) who (B) which (C) what (D) whom

(100) If you ..................... the rumour, you ...................... .

(A) had spread, would have been arrested.

(B) had spread, would have arrested

(C) had spreaded, would have been arrested

(D) had spreaded, could have arrested

(101) ''વંશગત નામ અને જાતિ સંકેત પ્રત્યય'' આ બે ઘટકો બીજા કયા નામથી ઓળખાય છે ?
(A) કુળ અને ગોત્ર (B) પ્રજાતિ અને જાતિ (C) જાતિ અને કુળ (D) વર્ગ અને સમુદાય

(102) આપણે અનુસ્નાતક કક્ષાએ પ્રાણીશાસ્ત્રનો અભ્યાસ કરીએ ત્યારે કોઈ અજાણ્યા પ્રાણીનું વૈજ્ઞાનીક નામ શોધવા માટે કઈ વિદ્યાશાખાની જરૂર પડશે ?
(A) Ornithology (B) Zoogeography (C) Evolution (D) Taxonomy

(103) નીચેનામાંથી કઈ એક જાતિ Solanum પ્રજાતિ સાથે જોડાયેલી નથી ?
(A) indica (B) tuberosum (C) nigrum (D) melongena

(104) ગેરુ અને અંગારિયા રોગ માટેની ફુગને કયા વર્ગમાં મુકવામાં આવે છે ?
(A) ફાયકોમાયસેટીસ (B) આસ્કોમાયસેટીસ (C) બેસિડીયોમાયસેટીસ (D) ડ્યુટરોમાયસેટીસ

(105) વનસ્પતિને ચેપ લગાડતા વાઇરસની રચનામાં કયું ન્યુક્લિઈક એસિડ હોય છે ?
(A) DNA (B) RNA (C) DNA અને RNA (D) DNA અથવા RNA

(106) દરિયામાં જોવા મળતી રતાશ પડતી ભરતી અને ઓટ કયા સજીવની હાજરી સૂચવે છે ?
(A) ડેસ્મિડ્સ (B) ડાયેટમ્સ (C) ગોનિયાલેક્સ (D) યુગ્લિના

(107) ઉદ્‌વિકાસકિય સંબંધો પર આધારીત જુદાં જુદાં સજીવોનું વર્ગીકરણ કરવું હોય તો કઈ વર્ગીકરણ વિદ્યાનો ઉપયોગ કરીશું ?
(A) સંખ્યાકિય વર્ગીકરણ વિદ્યા (B) કોષ વર્ગીકરણ વિદ્યા
(C) રસાયણ વર્ગીકરણ વિદ્યા (D) જાતિવિકાસકિય વર્ગીકરણ વિદ્યા

(108) અવકાશયાત્રીઓ પુરક આહાર તરીકે ............ અને ............. લીલનો ઉપયોગ કરે છે.
(A) પોરફાયરા, લેમિનારિયા (B) ક્લોરેલા, સ્પાઇરુલિના
(C) ક્લોરેલા, પોરફાયરા (D) જેલિડિયમ, ગ્રેસીલારિયા

(109) પ્રકાશિતતાનો ગુણધર્મ ધરાવતા પ્રાણીઓ કયા સમુદાયના છે ?
(A) સછિદ્ર (B) કોષ્ઠાંત્રિ (C) કંકતધરા (D) ચુષમુખા

(110) જોડકાં જોડો :

| | |
|---|---|
| (1) કોલર કોષો | (i) ટોર્પિડો |
| (2) ડંખ કોષો | (ii) પ્લેનેરિયા |
| (3) જ્યોત કોષો | (iii) ટ્રાયગોન |
| (4) વીજ અંગો | (iv) સાયકોન |
| | (v) સીએનીમોન |

(A) (1-iv), (2-v), (3-ii), (4-i) (B) (1-iii), (2-iv), (3-ii), (4-v)
(C) (1-v), (2-iv), (3-ii), (4-i) (D) (1-iii), (2-ii), (3-iv), (4-i)

(111) ફલીત ઇંડા મુકનાર પ્રાણી જૂથ ઓળખો.
(A) ઇકિથઑફિસ, ટોડ, ઘડિયાળ, કાચબો (B) કાળોતરો, ચિતરો, પેંગ્વિન, બતકચાંચ
(C) દેડકો, ટોડ, ગરોળી, બતકચાંચ (D) પેંગ્વિન, ડોલફીન, ટોડ, કાચબો

(112) લાક્ષણીક પર્ણનો પર્ણદંડ ગાંઠ સાથેના જોડાણ સ્થાને ફુલીને મોટો બને છે. જેને ........... કહે છે.
(A) દાંડીપત્ર (B) પીનાધાર (C) ઉપપર્ણ (D) ખોરાક સંગ્રહી પર્ણતલ

(113) આકડાંના છોડમાં પર્ણોની ગોઠવણી અને પુષ્પને જોતા આપણને કઈ રચનાનો ખ્યાલ આવશે ?

(A) સન્મુખ, આચ્છાદિત (B) એકાંતરિત, વ્યાવૃત (C) સન્મુખ, ધારાસ્પર્શી (D) ભ્રમિરૂપ, આચ્છાદિત

(114) ધો-11 જીવવિજ્ઞાનની વાર્ષિક પ્રાયોગિક પરીક્ષામાં વિદ્યાર્થીને સૂર્યમુખી (દ્વિદળી) કે મકાઈ (એકદળી)નું પ્રકાંડ આપેલ છે. તેનો છેદ સૂક્ષ્મદર્શક યંત્રમાં જોતા કયા લક્ષણો દ્વારા નક્કી કરશે કે તેને આપેલ મટીરીયલ મકાઈ પ્રકાંડ છે ?

(A) દ્વિદળીમાં વાહીપુલો વેરવિખેર અને એઘા હાજર હોય છે.

(B) દ્વિદળી પ્રકાંડમાં વાહીપુલો વર્તુળાકારે અને એઘા ગેરહાજર

(C) એકદળીમાં વાહીપુલો વેરવિખેર એન એઘા ગેરહાજર

(D) એકદળીમાં વાહીપુલો વર્તુળાકારે અને એઘા હાજર

(115) એકદળી પર્ણ અને દ્વીદળી પર્ણના છેદની કાયમી સ્લાઇડ ઉપરથી તેનું લેબલ નિકળી ગયુ છે. તો માઇક્રોસ્કોપમાં કયા લક્ષણને જોઈ તેને યોગ્ય નામ આપશો ?

(A) દ્વિદળીમાં લંબોત્તક અને શિથિલોત્તક કોષો પર્ણ મધ્યપેશી તરીકે જોવા મળે.

(B) દ્વિદળીમાં દઢોત્તકીય પુલકંચુક સાથેનો વાહીપુલ જોવા મળે.

(C) એકદળીમાં તમામ મધ્યપર્ણ પેશી લંબોત્તક કોષો જોવા મળે.

(D) એકદળીમાં મૂદુતકીય પુલકંચુક સાથેના વાહીપુલ જોવા મળે.

(116) દેડકાંમાં નાઇટ્રોજનયુક્ત નકામાં દ્રવ્ય તરીકે જે પદાર્થનો નિકાલ થાય છે તેના દ્વારા તેને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) એમોનિયા ત્યાગી (B) યુરિક એસિડ ત્યાગી (C) યુરિયા ત્યાગી (D) એમિનો ત્યાગી

(117) કોઈ m - RNA સાથે એક કરતા વધુ રિબોઝોમ્સ જોડાય તો તેવી રચનાને ................ કહે છે.


(A) મેસોઝોમ (B) ક્રોમોઝોમ (C) લાયસોઝોમ (D) પોલીઝોમ્સ

(118) પ્રાણી શરીરના કોઈ પેશી કોષો સ્ટિરોઇડલ અંતઃસ્રાવો જેવા લિપિડનું સંશ્લેષણ કરે છે. તો તેના દ્વારા આપણે શું નક્કી કરી શકીએ ?

(A) અંતઃ કોષરસ જાળ લીસી હશે. (B) ગોલ્ગીકાય હાજર હશે.

(C) લાયસોઝોમ્સ ગેરહાજર હશે. (D) રસધાનીઓ ઓછી હશે.

(119)



આપેલ આકૃતિ કયા પદાર્થની છે ?

(A) એલેનીન (B) ગ્લાયસિન (C) કોલેસ્ટેરોલ (D) ટ્રાયગ્લિસરાઇડ

(120) કયો પોલીસેકેરાઇડ્સ નથી ?

(A) ગ્લાયકોજ (B) માલ્ટોઝ (C) સ્ટાર્ચ (D) સેલ્યુલોઝ

(121) અનુકૂલિત પ્રસરણ માટેનું ઉત્તમ ઉદાહરણ કયું છે ?

(A) ઓસ્ટ્રેલિયન માર્સુપિયલ (B) થેરાપ્સિડસ

(C) થીકોડોન્ટ (D) પોલીકોસોરસ

(122) "પ્રાણીઓના શ્વસનથી અને સળગતી મીણબત્તી દ્વારા દૂર થયેલ ઑક્સિજનની પૂર્તિ વનસ્પતિ કરે છે." આ પરિકલ્પના કોણે કરી છે ?

(A) જોસેફ પ્રિસ્ટલી (B) જોન ઈન્જેન હાઉસ (C) જુલિયસ વૉનસેસ (D) કોર્નેલિયસ વાન નીલ

(123) ગ્લુકોઝના એક અણુના નિર્માણ માટે કેટલા અને કયા પ્રક્રિયક જરૂરી છે ?

(A) $3CO_2$, 6 ATP, 10 NADPH (B) $6CO_2$, 18 ATP, 12 NADPH

(C) $3CO_2$, 3 ATP, 6 NADPH (D) $6CO_2$, 6 ATP, 6 NADPH

(124) જારક શ્વસનના જારક તબક્કાની શરૂઆત માટે કયા ઉત્સેચક અને ખનીજ ઘટકની હાજરી જરૂરી છે ?

(A) પાયરૂવેટ ડીહાઈડ્રોજીનેઝ, $Mn^{+2}$ (B) સક્સિનાઈલ કી.એ., $Mn^{+2}$

(C) સક્સિનાઈલ કો.એ., $Mg^{+2}$ (D) પાયરૂવેટ ડીહાઈડ્રોજીનેઝ, $Mg^{+2}$

(125) $2\ (Cs_1\ H_{98}\ O_6) + 14SO_2 \rightarrow$ ............. + ............. + ઊર્જા

(A) 102 $CO_2$, 98 $H_2O$ (B) 108 $CO_2$, 85 $H_2O$

(C) 145 $CO_2$, 104 $H_2O$ (D) 108 $CO_2$, 99 $H_2O$

(126) મકાઈના મુલાગ્રની લંબાઈ 2 mm છે. જેમાં કોષોની સંખ્યા 17500 છે. તે બનવા માટે તેને એક કલાક લાગે છે. માટે 16 mm લંબાઈ બનવા કેટલા કલાક લાગે ?

(A) 5 કલાક (B) 16 કલાક (C) 3 કલાક (D) 8 કલાક

(127) કોઈ ખેડૂત ટામેટાનો વધુ અને ઝડપી ફળ વિકાસ પ્રેરવા માટે કયા રસાયણનો છંટકાવ કરશે ?

(A) IAA (B) 2-4-D (C) ઈથિલીન (D) IBA

(128) સામાન્ય ઉચ્છવાસ બાદ વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલ હવાનું કુલ કદ જેમાં ટાઈડલ વૉલ્યુમ અને ઈન્સ્પાયરેટરી રિઝર્વ વૉલ્યુમનો સમાવેશ થાય છે. તે .............. છે.

(A) RV (B) EC (C) IC (D) VC

(129) માનવ શરીરમાં આવેલ એક ઉત્સેચક કે જે રૂધિર દ્વારા $O_2$ અને $CO_2$ ના વહનમાં ખૂબ જ અગત્યનો છે.

(A) ઓક્સિહીમોગ્લોબિન (B) બાયકાર્બોનેટ

(C) કાર્બોમીનો હીમોગ્લોબિન (D) કાર્બનિક એનહાઈડ્રેઝ

(130) "એરિથ્રોબ્લાસ્ટોસિસ ગર્ભ" એટલે શું ?

(A) $Rh^{-ve}$ રૂધિરવાળી માતા અને તેના $Rh^{+ve}$ ગર્ભની સ્થિતિ

(B) $Rh^{-ve}$ રૂધિરવાળી માતા અને તેના $Rh^{-ve}$ ગર્ભની સ્થિતિ

(C) લિંગી રંગસૂત્રની ખામીવાળો ગર્ભ

(D) દૈહિક રંગસૂત્રની ખામીવાળો ગર્ભ

(131) સ્ટેથોસ્કોપ દ્વારા હૃદયના ધબકારાનો અવાજ સાંભળતા તેમાં આવતો 'લબ' અવાજ કોની સાથે સંકળાયેલ છે ?

(A) અર્ધચંદ્રાકાર વાલ્વના બંધ થવા સાથે (B) ત્રિદલ અને દ્વિદલ વાલ્વોના બંધ થવા સાથે

(C) મહાધમનીના વાલ્વ ખૂલવાની સાથે (D) ફુપ્ફુસ ધમનીના વાલ્વ ખૂલવાની સાથે

(132) ધમની અને શિરામાં કયા સ્તરનો સમાવેશ થતો નથી.

(A) ટ્યુનિકા ઈન્ટીમા (B) ટ્યુનિકા મીડિયા

(C) ટ્યુનિકા આલ્બ્યુજિનીયા (D) ટ્યુનિકા એક્સટર્ના

(133) તંદુરસ્ત વ્યક્તિમાં GFR આશરે 125 મિલિ / મિનિટ હોય તો બે દિવસમાં ગાળણનું કદ કેટલું હોય.

(A) 360 લિટર (B) 180 લિટર (C) 90 લિટર (D) 45 લિટર

(134) રૂધિરનું દબાણ ઘટાડવા માટે કયું કારણ મુક્ત થવું જરૂરી છે. જે રેનિન એન્જિઓ ટેસીન ક્રિયાવિધિ ઉપર નિયંત્રણ કરે છે ?

(A) ANF (B) ADH (C) રેનિન (D) ઑક્સિટોસીન

(135) સ્નાયુતંતુક ખંડના H - વિસ્તાર (વિશ્રામી સ્થિતિ)માં કયા તંતુઓ આચ્છાદન પામેલા હોય છે ?

(A) એક્ટીન (B) માયોસીન (C) મેરોમાયોસીન (D) ટ્રોપોનીન

(136) સાંધાઓ સ્થાન

(a) કંદુક ઉલુખલ (i) મણિબંધાસ્થિ વચ્ચે

(b) મિજાગરા (ii) શિરોધર અને અક્ષક કશેરૂકા વચ્ચે

(c) ઉખળી (iii) કોણીનો સાંધો

(d) સરક્તો (iv) સ્કંધ મેખલા અને ભુજાસ્થિ વચ્ચે

(A) (a-ii), (b-i), (c-iv), (d-iii) (B) (a-ii), (b-iii), (c-iv), (d-i)

(C) (a-iv), (b-i), (c-ii), (d-iii) (D) (a-iv), (b-iii), (c-ii), (d-i)

(137) માનવની આંખના નેત્રપટલમાં કયા પ્રકારના ચેતાકોષો આવેલા છે ?

(A) એક ધ્રુવીય (B) બહુ ધ્રુવીય

(C) દ્વિધ્રુવીય (D) મજ્જિત અને અમજ્જિત્ ચેતાકોષો

(138) માનવ મગજના અગ્રમગજનો બૃહદ મસ્તિષ્કના બન્ને ગોળાર્ધો એક બિજા સામે ચેતાતંતુઓની પટ્ટી દ્વારા જોડાયેલ છે. જેને ........... કહે છે.

(A) હાયપોથેલેમસ (B) થેલેમસ (C) સેતુ (D) કેલોસમકાય

(139) માનવ શરીરમાં 24 કલાક દરમિયાન થતી ક્રિયાઓની તાલબદ્ધતાના નિયમમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. તે અંતઃસ્ત્રાવ કયો ?.... અને કઈ ગ્રંથીમાંથી ઉત્પન્ન થાય છે ?

(A) થાયરોકિસન, થાઈરોઈડગ્રંથિ (B) મેલેટોનીન, પિનિયલ ગ્રંથિ

(C) વાસોપ્રેસીન, પશ્ચ પિચ્યુટરીગ્રંથિ (D) મેલેનોસાઈટ, મધ્ય પિચ્યુટરી ગ્રંથિ

(140) ઈરીથ્રોપોએટિન અંતઃસ્ત્રાવનું ઉત્પત્તિ સ્થાન કયું છે ?

(A) મૂત્રપિંડના જકસ્ટા ગ્લોમરુલ કોષો (B) જઠર આંત્રીય માર્ગના ભાગોમાં

(C) હૃદયના કર્ણકની દીવાલમાંથી (D) લેન્ગરહાન્સના કોષ પુંજમાંથી

(141) કાળામરી અને બીટમાં પ્રદેહનો કેટલોક ભાગ વપરાયા વિનાનો રહે છે જેને ................. કહે છે.

(A) બીજ દેહશેષ (B) આલ્બ્યુમીનયુક્ત (C) આલ્બ્યુમીન મુક્ત (D) ફલાવરણ

(142) અંડકનો દેહ અંડનાલ સાથે ................. થી જોડાયેલો હોય છે.

(A) અંડકછિદ્રીયપ્રદેશ (B) પ્રદેહ (C) અંડકતલ (D) બીજકેન્દ્ર

(143) સામાન્ય રીતે પુખ્ત અંડકોષનું ફલન થયા બાદ ક્રમાનુસાર કયાં કોષો n, 2n અને 3n સ્થિતિ ધરાવતા હશે ?

(A) ભ્રુણપોષ, કોષકેન્દ્ર, અંડકોષ (B) અંડકોષ, દ્વિતીય કોષકેન્દ્ર, ભ્રુણપોષ

(C) અંડકોષ, પ્રતિધ્રુવિય કોષ, કોષકેન્દ્ર (D) પ્રતિધ્રુવિયકોષો, સહાયકકોષો, અંડકાવરણો

(144) માદા મનુષ્યમાં કોર્પસ લ્યુટિયમનું મુખ્ય કાર્ય શું ઉત્પન્ન કરવાનું છે ?

(A) પ્રૉજેસ્ટેરોન (મોટા જથ્થામાં) (B) ફક્ત ઈસ્ટ્રોજન

(C) હ્યુમન કોરીઓનિક ગોનેડોટ્રોપિન (D) ફક્ત રિલેક્ષિન

(145) મનુષ્યમાં બાળકના જન્મ સમયે નીચેનામાંથી કયું અગત્યનું નથી ?

(A) ઓક્સિટોસીનનું મુક્ત થવું
(B) અસ્ટ્રોજન અને પ્રૉજેસ્ટેરોનનો તુલનાત્મક વધારો
(C) પ્રૉલેક્ટીનનું મુક્ત થવું
(D) પ્રૉસ્ટોગ્લેન્ડીસન્સનું સંશ્લેષણ

(146) MTP નો કાયદો ભારતમાં ક્યારથી અમલમાં આવેલ છે ?

(A) ઈ.સ. 1970 (B) ઈ.સ. 1971 (C) ઈ.સ. 1972 (D) ઈ.સ. 1973

(147) પ્રજનન સંબંધિત વિવિધ બાબતોની લોકજાગૃતિ કયા કાર્યક્રમોથી લાવવામાં આવે છે ?

(A) RHP (B) RHM (C) RCH (D) GIFT

(148) અંતઃસ્ત્રાવ મુક્ત કરતા IUDs નો ઉપયોગ ..........

(A) શુક્રકોષોની ચલિતતા અને ફલનક્ષમતાને અવરોધે છે.
(B) ગર્ભાશયને ગર્ભધારણ માટે અયોગ્ય બનાવે છે.
(C) શુક્રકોષોની $O_2$ ગ્રહણક્ષમતાને અવરોધે છે.
(D) શુક્રકોષના ભક્ષણમાં મદદ કરે છે.

(149) જનીન સંકેતોના ગુણધર્મોનેધ્યાનમાં રાખી આપેલ વિધાનો માટે સાચાં (T-True) કે ખોટાં (F-False) તે માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

- સંકેત t-RNA પર સતત વંચાય છે.
- એક જ એમિનોએસિડ એક કરતાં વધુ સંકેતો દ્વારા નિશ્ચિત થઈ શકે છે.
- UUU ફિનાઇલ એલેનીનનું સંકેતન કરે છે.
- AGU સમાયક સંકેત છે.

(A) T F T F (B) F T F T (C) F T T F (D) T T F F

(150) હર્શી અને ચેઇઝના પ્રયોગમાં વાઇરસમાંથી આનુવંશિક દ્રવ્ય બેક્ટેરિયામાં પ્રવેશ કરવાનો સાચો ક્રમ .........

(A) સંક્રમણ - બ્લેન્ડિંગ - સેન્ટ્રિફ્યુગેશન
(B) સેન્ટ્રિફ્યુગેશન - બ્લેન્ડિંગ - સંક્રમણ
(C) સંક્રમણ - સેન્ટ્રિફ્યુગેશન - બ્લેન્ડિંગ
(D) સેન્ટ્રિફ્યુગેશન - સંક્રમણ - બ્લેન્ડિંગ

(151) Hbs પેપ્ટાઇડમાં બીજા ક્રમે આવેલ હિસ્ટીડીન કયા બે એમિનો એસિડ સાથે પેપ્ટાઈડ બંધથી જોડાય છે ?

(A) વેલાઇન - ગ્લૂટામિક એસિડ
(B) લ્યુસીન - પ્રોલીન
(C) પ્રોલીન - વેલાઇન
(D) વેલાઇન - લ્યુસીન

(152) નીચે પૈકી કયું જન્મજાત પ્રતિકારકતામાં શારીરિક અંતરાય માટે અસંગત છે ?

(A) ત્વચા (B) શ્લેષ્માઆવરણ (C) મૂખમાંની લાળ (D) શ્વસનમાર્ગ

(153) પરિપકવન ઇન્સ્યુલિનમાં નીચે પૈકી કંઈ શૃંખલાનો અભાવ હોય છે ?

(A) A - પેપ્ટાઇડ (B) B - પેપ્ટાઇડ (C) C - પેપ્ટાઇડ (D) D - પેપ્ટાઇડ

(154) નીચે આપેલ કયુ STIs માં સમાવેશિત નથી ?

(A) હિપેટાઇટિસ - B (B) એઇડ્સ (C) કેન્સર (D) ક્લેમાડિયાસિસ


(155) નીચે આપેલ ક્યુ બિજ આલ્બ્યુમીન મુક્ત હોય છે ?

(A) દિવેલા (B) જવ (C) મકાઈ (D) મગફળી

(156) ટર્નર્સ સિન્ડ્રોમ રોગમાં કોષવિભાજન દરમિયાન નીચેના પૈકી ક્યાં પ્રકારની એન્યુપ્લોઈડી જોવા મળશે ?

(A) (2n - 2) (B) (2n - 1) (C) (2n + 2) (D) (2n + 1)

(157) આપેલ આકૃતિમાં 'X' ના સ્થાને કયો એમિનો એસિડ S આવેલ હશે ?




(A) Ser - સેરિન (B) Tyr - ટાયરોસાઈન (C) Val - વેલાઈન (D) Gly - ગ્લાયસિન

(158) પ્રાણીપેશીમાં જનીનદ્રવ્યનું અલગીકરણ માટે ક્યાં ઉત્સેચકનો ઉપયોગ થતો નથી ?

(A) રાઈબોન્યૂક્લિએઝ (B) સેલ્યૂલેઝ

(C) પ્રોટીએઝ (D) પ્રોટીએઝ અને રાઈબોન્યૂક્લિએઝ

(159) IgE નું કાર્ય શું છે ? (સાચું વિધાન શોધો)

(A) ગર્ભાવધિકાળ દરમિયાન ભ્રૂણને પણ જરાયુ દ્વારા પ્રાપ્ત એન્ટીબોડી

(B) B - કોષોને ઉત્તેજિત કરતા નથી.

(C) માસ્ટકોષોમાંથી સ્ત્રવતા હિસ્ટેમાઈન અને સેરોટોનીનને અવરોધે છે.

(D) એલર્જીપ્રેરકો સામે પ્રતિચાર આપવો.

(160) માનવ ઉદ્‌વિકાસીય સમય 15 મિલિયન થી 40,000 વર્ષ પૂર્વ માટેનો સાચો ક્રમ જણાવો.

(A) રામાપિથેક્સ → ઓસ્ટ્રેલોપિથેસીન → હોમોઈરેક્ટ્સ → નિએન્ડરથલમેન

(B) રામાપિથેક્સ → હેમોઈરેક્ટ્સ → ઓસ્ટ્રેલોપિથેસીન → નિએન્ડરયલમેન

(C) ઓસ્ટ્રેલોપિથેસીન → હોમોઈરેકટ્સ → રામાપિથેક્સ → નિએન્ડરયલમેન

(D) ઓસ્ટ્રેલોપિથેસીન → રામાપિથેક્સ → હોમોઈરેકટ્સ → નિએન્ડરથલમેન

(161) પ્લાઝમોડીયમનાં જીવનચક્રમાં સ્પોરોઝ ઓઈડ માનવનાં કયાં - કયાં કોષોમાં અલિંગી પ્રજનન કરે છે ?

(A) લાળગ્રંથિના કોષો અને $WBC_S$ (B) યકૃતના કોષો અને $RBC_S$

(C) આંતરડાના કોષો અને $RBC_S$ (D) યકૃતના કોષો અને $WBC_S$

(162) એલક્ઝાન્ડર ફ્લેમિંગ પેનિસિલિનની અનાયાસે થયેલ શોધ દરમિયાન કયાં બેક્ટેરિયા પર કાર્ય કરી રહ્યાં હતાં ?

(A) સાલ્મોનેલા ટાઈફી (B) સ્ટેફાયલો કોકાઈ

(C) હિમોફિલિસ ઈન્ફ્લ્યુએઝા (D) સ્ટ્રેપ્ટોકોકસ ન્યુમોનિ

(163) ઈ.સ. 1953માં એસ.એલ. મિલરે પૃથ્વીના આદિવાતાવરણ જેવી સ્થિતિ પ્રયોગશાળામાં નિર્માણ કરી ત્યારે બંધ ફ્લાસ્કમાં તાપમાન કેટલા (સેલ્સિયસ) $^0C$ રાખેલ ?

(A) 200 $^0C$ (B) 400 $^0C$ (C) 600 $^0C$ (D) 800 $^0C$

(164) STPs માં દ્વિતીયક સારવાર દરમિયાન સૂક્ષ્મજીવનું ફુગના તંતુઓ સાથેના જોડાણથી બનતી જાળમય રચના એટલે...

(A) ફ્લોકસ (B) ક્રિયાશિલસ્લજ (C) ઈફ્લ્યુઅન્ટ (D) પ્રાથમિકલ્સજ

(165) RNA અતઃ ક્ષેપ બધાં સુકોષકેન્દ્રી સજીવોના કોષીય સુરક્ષા માટેની એક પદ્ધતી છે. જેમાં વિશિષ્ટ m-RNA ......... સાથે જોડાય બાદ નિષ્ક્રિય થઈ જાય છે.

(A) પૂરક SS - RNA (B) પૂરક SS - DNA (C) પૂરક ds - DNA (D) પૂરક ds - RNA

(166) પુનઃ સંયોજીત DNA ટેકનોલૉજીમાં કયાં અભિરંજક દ્વારા અલગીકૃત DNA ને અભિરંજિત કરી UV - કિરણો દ્વારા જોઈ શકાય છે ?

(A) સેફ્રેનીન અભિરંજક (B) લેસમાન અભિરંજક (C) એસિટોકાર્માઇન (D) ઇથીડિયમ બ્રોમાઇડ

(167) હેચ અને સ્લેક પથમાં પ્રાથમિક $CO_2$ ગ્રાહક ........... છે.

(A) ફોસ્ફોઈનો લપાયરૂવેટ (PEP) (B) ફોસ્ફોગ્લિસરિક એસિડ (PGA)

(C) ઓક્ઝેલો એસિટિક એસિડ (OAA) (D) રુબિસ્કો (Ru Bisco)

(168) ઈલેક્ટ્રોન પરિવહનતંત્ર (ETS) ના સંકુલ-IV માં આવેલ સાયટોક્રોમ કોપર કેન્દ્રો કયાં - કયાં છે ?

(A) Cy + c અને Cy + a (B) Cy + a અને Cy + $a_3$

(C) Cy + b અને Cy + a (D) Cy + b અને Cy + c

(169) જલીય પ્રાણીઓમાં દેહજળની આસૃતિ સાંદ્રતા તેમની આસપાસની પાણીની સાંદ્રતા મુજબ બદલાયા કરે તો આવા પ્રાણીઓને શું કહે છે ?

(A) અનુવર્તીઓ (B) નિયામકો (C) મુલત્વી રાખનાર (D) આંશિક નિયામકો

(170) નીચેનામાંથી કઈ આંતરજાતીય આંતરક્રિયા (+, O) વડે દર્શાવી શકાય ?

(A) પ્રતિજીવન (B) સહભોજિતા (C) સહપરોપકારિકતા (D) સ્પર્ધા

(171) એક મોટા વૃક્ષ પર આહાર માટે આધાર રાખતા કીટકોની સંખ્યાની ગણતરી કરીએ, તો કેવા પ્રકારનો પિરામિડ મળશે ?

(A) ઉલટો (B) ત્રાંસો (C) સીધો - ઉલટો (D) સીધો

(172) વસતિના લક્ષણમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) વસવાટ (B) જન્મદર (C) મૃત્યુદર (D) વયઆધારિત વિતરણ

(173) દર્દીઓમાં અંગ - પ્રત્યારોપણમાં પ્રતિકારકતા ઘટાડવા કયો રાસાયણિક ઘટક વપરાય છે ?

(A) ક્લોસ્ટ્રિડિયમ (B) સાયક્લોસ્પોરિન - A (C) એસ્પરજીલસ નાઈઝર (D) એઝોસ્પાયરીલમ

(174) જાતિ વિસ્તાર સંબંધની સમજૂતી કયાં વૈજ્ઞાનિકે આપી હતી ?

(A) પોલ એહરલિક (B) એલેક્ઝાન્ડર વૉન હમ્બૉલ્ટ

(C) ગાઉસ (D) એલેન

(175) કયું પ્રાણી પાણીને લગતી તમામ જરૂરિયાત તેની આંતરિક ચરબીના ઓકિસીડેશન દ્વારા પૂર્ણ કરવામાં સક્ષમ છે ?

(A) ગોકળ ગાય (B) ઉંદર (C) કાંગારું (D) કાંગારું ઉંદર

(176) મનુષ્ય દ્વારા થતાં અતિશોષણને કારણે પાછલા પાંચસો વર્ષોમાં કઈ જાતિ લૃપ્ત થઈ ?

(A) ડોડો (B) થાયલેસિન (C) ક્વેગા (D) સ્ટીલર સી કાઉ

(177) એમઝોન વર્ષાવન કયા પાકની ખેતી માટે કાપીને સાફ કરી દેવામાં આવ્યું છે ?

(A) મકાઈ (B) જવ (C) સોયાબીન (D) શેરડી

(178) ગોત્રની રચના માટે નીચેના પૈકી કયુ વિધાન સત્ય છે.

(A) સંબંધો ધરાવતી જાતીનો સમૂહ (B) સંબંધો ધરાવતી કુળનો સમૂહ

(C) સંબંધો ધરાવતી પ્રજાતિનો સમૂહ (D) સંબંધો ધરાવતી શ્રેણીનો સમૂહ

(179) નીચેના વિધાનોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો...

(P) એકાંતરજનન કૃમિઓમાં જોવા મળે છે.

(Q) નૂપૂરકો ત્રિગર્ભસ્તરીય અને દેહકોષ્ઠી પ્રાણીઓ છે.

(R) સંયુક્ત આંખો શૂળત્વચીઓની લાક્ષણિકતા છે.

નીચે આપેલામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.


(A) (P) અને (Q) સાચા છે, (R) ખોટું છે.

(B) (Q) અને (R) સાચા છે, (P) ખોટું છે.

(C) (P) અને (R) સાચા છે, (Q) ખોટું છે.

(D) (P), (Q) અને (R) સાચા છે.

(180) આપેલ આકૃતિમાં 'X' અને 'Y' નું નામ જણાવો.




(A) X : સહાયકકોષ, Y : વાનસ્પતિક કોષ કેન્દ્ર

(B) X : તંતુમયપ્રસાધન, Y : નરજન્ય

(C) X : સહાયકકોષ, Y : તંતુમયપ્રસાધન

(D) X : અંડકોષકેન્દ્ર, Y : વાનસ્પતિક કોષ કેન્દ્ર

(181) જીવવિજ્ઞાન અભ્યાસની વૈજ્ઞાનિક પદ્ધતિ મુજબ આપેલ પૈકી કયા સોપાનનો અનુક્રમ સાચો છે ?

(A) અવલોકન → પરિકલ્પના → પરીક્ષણ → તારણ કે નિયમ

(B) અવલોકન અને સમસ્યાની ઓળખ → પરિકલ્પના → પરીક્ષણ અને પ્રયોગો → તારણ કે નિયમ

(C) સિદ્ધાંત → પરિકલ્પના → સમસ્યાની ઓળખ → અવલોકન

(D) નિયમ કે તારણ → પરીક્ષણ → અવલોકન → પ્રયોગ

(182) જીવવિજ્ઞાન અભ્યાસના ભાવનાત્મક અભિગમની યાદી નીચે પૈકી કયા વિકલ્પમાં સાચી છે ?

(A) વિશ્લેષણ અને પ્રયોજન

(B) અર્થોપાર્જન અને મૂલ્યાંકન

(C) વર્તનાત્મક અને ચરિત્રનિર્માણ

(D) જ્ઞાન અને પ્રયોજન

(183) વર્ગીકરણ વિદ્યા ભણાવવા માટે શિક્ષકે નીચે પૈકી કઈ પદ્ધતિ અપનાવવી શ્રેષ્ઠ ગણાય કે જેથી વિદ્યાર્થીઓ ઓછા સમયમાં વધુ ઝડપથી શીખી શકે ?

(A) પાઠ્ય પુસ્તકમાંથી વાંચન કરી - કરાવી અને વાર્તાલાપ દ્વારા

(B) લેબોરેટરીમાં જળવાયેલા નમૂનાઓ દ્વારા નિદર્શન કરીને

(C) આકૃતિઓ, મૉડેલ્સ અને હાવભાવ દ્વારા

(D) પ્રાણીસંગ્રહાલય કે બોટાનિકલ ગાર્ડનની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા

(184) બ્લૂમ દ્વારા પ્રસ્તુત જ્ઞાન-ગ્રહણના વિવિધસ્તરનો ચઢતો ક્રમ આ પૈકી કયો છે ?

(A) જ્ઞાન → વિશ્લેષણ → મૂલ્યાંકન → પ્રયોજન → સમજણ દ્વારા સૃજન

(B) જ્ઞાન → અવબોધ → પ્રયોજન → વિશ્લેષણ → મૂલ્યાંકન

(C) જ્ઞાન → વિશ્લેષણ → પ્રયોજન → મૂલ્યાંકન → અવબોધ

(D) જ્ઞાન → અવબોધ → વિશ્લેષણ → મૂલ્યાંકન → પ્રયોજન

(185) વર્ગમાં શીખવતા પહેલા કઈ પૂર્વતૈયારી શિક્ષકે કરવી મુખ્ય જરૂરી છે ?

(A) કયા કયા મુદ્દાઓ શીખવવાના છે તે જાણીને જવું.

(B) આગલા તાસમાં જ્યાંથી બાકી હતું તે જાણી અનુસંધાન કાર્ય જોઈને જવું.

(C) શીખવવાની વિષયવસ્તુ પાઠ્યપુસ્તકમાંથી બરાબર - આકૃતિ સહિત તૈયાર કરી, નવું ઉમેરવાનું નોંધીને જવું.

(D) વિદ્યાર્થીઓને પૂછીને જે કહે તે જ મુદ્દો શીખવવો.

(186) જીવવિજ્ઞાનના શિક્ષકે બૉર્ડ પર સફેદ તેમજ રંગીન ચૉક/પેનથી નામનિર્દેશયુક્ત આકૃતિઓ દોરે તે જરૂરિયાતને તમે કેટલું મહત્ત્વ આપશો ?

(A) ખાસ જરૂરી નહીં... કારણ કે પાઠ્યપુસ્તકમાં રંગીન આકૃતિઓ આપી જ હોય છે.

(B) અત્યંત જરૂરી - કારણ કે શિક્ષકને અનુસરીને વિદ્યાર્થીઓ પણ સાથે સાથે સરળતાથી આકૃતિઓ દોરી શકે.

(C) જરૂરી ઓછું... કારણ કે આકૃતિઓ દોરવામાં સમયનો વ્યય થાય.

(D) બિલકુલ જરૂરી નથી... કારણ કે હાલમાં તો ઈન્ટરનેટ, પુસ્તકો, વિગેરેમાંથી ખૂબ જ રંગીન આકૃતિઓ ઉપલબ્ધ છે.

(187) સૌથી ઓછા ઉપયોગી અનાત્મલક્ષી પ્રશ્નો નીચે પૈકી કયા છે ?

(A) બહુવિકલ્પી પ્રશ્નો

(B) યુગ્મીકરણ - પ્રશ્નો

(C) ઉત્તમ-જવાબ પ્રકાર

(D) સાચાં-ખોટાં પ્રકારના પ્રશ્નો

(188) શાળામાં કરવામાં આવતા આયોજનોમાં નીચે પૈકી કયો વિકલ્પ સાચું આયોજન સૂચવે છે ?

(A) વાર્ષિક આયોજન $\rightarrow$ માસિક આયોજન $\rightarrow$ દૈનિક આયોજન $\rightarrow$ તાસ આયોજન

(B) તાસ આયોજન $\rightarrow$ દૈનિક આયોજન $\rightarrow$ માસિક આયોજન $\rightarrow$ વાર્ષિક આયોજન

(C) માસિક આયોજન $\rightarrow$ વાર્ષિક આયોજન $\rightarrow$ તાસ આયોજન $\rightarrow$ દૈનિક આયોજન

(D) તાસ આયોજન $\rightarrow$ માસિક આયોજન $\rightarrow$ દૈનિક આયોજન $\rightarrow$ વાર્ષિક આયોજન

(189) નીચે પૈકી કઈ નિદર્શન પદ્ધતિ છે ?

(A) પ્રભાવક અને અસરકારક કથન

(B) મુદ્દાસર અને વિગતવાર નોંધ આપવી

(C) કમ્પ્યૂટર દ્વારા સ્વઅધ્યયન

(D) વર્ગમાં ચાર્ટ, ચિત્રો, નકશા કે મૉડેલ દર્શાવી શીખવવું.

(190) આપણાં વર્ગોમાં જૂથ-ચર્ચા જરૂરી ન ગણી શકાય કારણ કે...

(A) આગળના ધોરણોમાં આપણે વિદ્યાર્થીઓને આવી રીતે શિક્ષણકાર્યનો અનુભવ આપ્યો જ નથી.

(B) વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શાળામાં તેને માટે સમય જ નથી.

(C) અભ્યાસક્રમમાં જૂથ ચર્ચા થાય તેવા મુદ્દા ખાસ નથી.

(D) આ પદ્ધતિમાં સમય વધારે જાય અને પરિણામ ખાસ ન પ્રાપ્ત થાય.

(191) જો અમારે ઉચ્ચ-શિક્ષણ સુધારણા માટે એક જ સૂચન કરવાનું હોય તો અમે સૂચવીશું કે 'પરીક્ષા પદ્ધતિ બદલો' આ વિધાન કોનું છે ?

(A) ડૉ. ડી. એચ. કોઠારી

(B) સામ પિત્રોડા

(C) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

(D) ડૉ. લક્ષ્મણસ્વામી મુદ્દલિયાર

(192) વિષયવસ્તુની પુર્તિ કરવાની જરૂર તમને લાગે અને તમે ખૂટતી વિગતો અન્ય સંદર્ભ પુસ્તકમાંથી ઉમેરીને ભણાવો તો શું કરવું ઉચિત છે ?

(A) ખૂટતી વિગતના પ્રશ્નો પૂછી - વર્ણન સમજાવી વિદ્યાર્થીઓને સંદર્ભ પુસ્તક અને લેખકનું નામ જણાવવું.

(B) ખૂટતી વિગતોની ફક્ત માહિતી આપી તેમને સ્વઅધ્યયન માટે લાયબ્રેરીમાં લઈ જવા.

(C) ઉપરોક્ત બાબતે વિદ્યાર્થીઓને સ્પસ્ટતા કરવી જરૂરી નથી.

(D) એમ કહી દેવું કે જૂના પાઠ્યપુસ્તકમાં આ હતું.

(193) જીવવિજ્ઞાનની લેબોરેટરીમાં જ જો થીયરી પણ શીખવવામાં આવે તો તાસ દરમિયાન લેબોરેટરીમાંથી નમૂના અને માઈક્રોસ્કોપના ઉપયોગ કરવા વિશે તમારો શું અભિપ્રાય છે ?

(A) તેમ ન કરવું જોઈએ - વધુ સમયનો વ્યય થાય.

(B) થીયરીના તાસ લેબોરેટરીમાં રાખવા યોગ્ય નથી તેમ હું માનું છું.

(C) વિષયવસ્તુ જો ઉચ્ચસ્તરનું કે કઠિન હોય અને વિદ્યાર્થીઓ પહેલાના વર્ગોમાં તે ન શીખ્યા હોય તો તેમ કરવું ઉત્તમ છે.

(D) આ બાબતે હું વિદ્યાર્થીઓને પૂછી અને તેમના નિર્ણયને અનુસરીશ.

(194) 'શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન'નો અર્થ શું થાય ?

(A) વિદ્યાર્થીઓના વિકાસ માટેના બધાં પાસાઓનું માપન

(B) દરેક વિષયમાં દરેક વિદ્યાર્થીનું મૂલ્યાંકન

(C) દરેક વિદ્યાર્થીઓ ગ્રહણ કરી શકે તે માપન.

(D) સર્વશિક્ષકો દ્વારા થતું મૂલ્યાંકન

(195) શાળામાં શિક્ષક-વાલી મીટિંગ્સ / મંડળ અસરકારક ન બને તો આ બધાં પૈકી શું કરવું જોઈએ ?

(A) સમગ્રવર્ગમાંથી વારાફરથી વાલીઓને બોલાવી તેમના બાળકોની શૈક્ષણિક/અન્ય સમસ્યાઓ, જેવી ચર્ચાઓ સાથે સાંકળવા.

(B) વાલીઓને વારંવાર પરિપત્રો લખવા.

(C) સંચાલક મંડળને જાણ કરવી.

(D) આ જવાબદારી શિક્ષકોની નથી એમ માની ચુપ રહી જે ચાલે છે તે ચાલવા દેવું.

(196) આપત્તિ-વ્યવસ્થાપન (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) શિક્ષણ અંતર્ગત વિદ્યાર્થીઓને શાની તાલીમ આપવામાં આવે છે ?

(A) જીવનમાં આવતી આપત્તિઓનો સામનો કરવાની તાલીમ

(B) શાળામાં કે અન્ય ક્યાંય અચાનક જ આગ, ધરતીકંપ, પૂર કે ઈમારત તૂટી પડે. જેવી આપત્તિમાં લેવાના જરૂરી પગલાંની તાલીમ

(C) આતંકવાદીઓથી બચવાની તાલીમ

(D) જંગલી પશુઓથી બચવાની તાલીમ

(197) વિદ્યાર્થીઓને ઉદાહરણ તરફથી સંકલ્પના અને સિદ્ધિ તરફ લઈ જવું તે નીચે પૈકી કયો અભિગમ કહેવાશે ?

(A) આગમન પદ્ધતિ (B) સંશ્લેષણ પદ્ધતિ (C) ઉદાહરણ પદ્ધતિ (D) વિષયાભિમુખ પદ્ધતિ

(198) શિક્ષક તાલીમી સંસ્થાઓનું નિયમન કેન્દ્રની નીચે પૈકી કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) NCERT (B) NUAPA (C) NIC (D) NCTE

(199) જીવવિજ્ઞાન વિષયવસ્તુના પૃથ્થકરણમાં કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) ખ્યાલો (B) સમજ (C) માહિતી (D) સ્વાધ્યાય

(200) જીવવિજ્ઞાન પ્રયોગશાળામાં છાપેલી પ્રયોગપોથીની મર્યાદા નીચેના પૈકી કઈ છે ?

(A) આખા વર્ગની પ્રયોગ નોંધમાં એક વાક્યતા જળવાય છે.

(B) અધ્યાપકનાં સમય એન શક્તિ બચે છે.

(C) પ્રયોગનું વર્ણન લાંબુ હોય તો તેને માટે ઘણીવાર પૂરતી જગ્યા મળતી નથી.

(D) અધ્યેતા પ્રયોગ, સાધનો, આકૃતિથી પરિચિત બને છે.

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.